**SET – 4**

**Series : TYM**

**Code No. 9**

**Roll No.** | | | | | | | |

Candidates must write the Code on the title page of the answer-book.

- આ પ્રશ્નપત્રમાં **8** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **5** પ્રશ્નો છે કે કેમ તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે અને 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે. આ 15 મિનિટ દરમ્યાન ઉત્તરો લખવા નહીં.
- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **5** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* *કુલ અંક : **80***

*Time allowed : **3** hours* *Maximum Marks : **80***

## SECTION – A

### (Reading Comprehension)

1. (અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો તમારા શબ્દોમાં લખો : **5**

આપણે બધા એક જ સર્જનહારને માનનારા છીએ. મુસલમાન ભલે તેને ખુદાને નામે પોકારે, હિન્દુ ભલે તેને ઈશ્વરને નામે ભજે, પણ તે એક જ સ્વરૂપ છે. એને સાક્ષી કરી, એને દરમિયાન રાખી, આપણે પ્રતિજ્ઞા લેવી કે કસમ ખાવી એ નાનીસૂની વાત નથી. એવી કસમ ખાઈને જો આપણે ફરી જઈએ તો કોમના, જગતના અને ખુદાના ગુનેગાર થઈએ. હું તો માનું છું કે સાવધાનીથી, શુદ્ધ બુદ્ધિથી, જે માણસ પ્રતિજ્ઞા લે અને પછી તેનો ભંગ કરે તે પોતાની ઈન્સાનિયત અથવા માણસાઈ ખોઈ બેસે છે; અને જેમ પારો ચઢાવેલો તાંબાનો સિક્કો રૂપિયો નથી એમ માલૂમ પડતાં તેની કંઈ કિંમત રહેતી નથી, એટલું જ નહિ પણ એ ખોટા સિક્કાનો માલિક સજાપાત્ર થાય છે, તેમ ખોટા કસમ ખાનારની પણ કિંમત રહેતી નથી; એટલું જ નહિ પણ તે આ લોક અને પરલોક બંનેમાં સજાને પાત્ર થાય છે. આ સભામાં એવો નથી કે જે બાળક અથવા અણસમજુ ગણાય. તમે બધા પીઢ છો, દુનિયા જોયેલી છે, ઘણા તો પ્રતિનિધિ છો, ઘણાએ વત્તાઓછા પ્રમાણમાં જવાબદારી ભોગવી છે, એટલે આ સભાનો એક પણ માણસ સમજ્યા વિના મેં પ્રતિજ્ઞા લીધી એમ કહીને છટકી નહિ શકે.

– ગાંધીજી

**પ્રશ્નો :**

(1) સર્જનહારની એકરૂપતા વિશે ગાંધીજી શું કહે છે ?

(2) 'ઈશ્વરને સાક્ષી રાખીને પ્રતિજ્ઞા લેવામાં આપણી જવાબદારી વધી જાય છે.' – એ ગાંધીજી કેવી રીતે સમજાવે છે ?

(3) ખોટા કસમ ખાનારની કિંમત કે પ્રતિષ્ઠા વિશે ગાંધીજી શું કહે છે ?

(4) સમજ્યા વિના મેં પ્રતિજ્ઞા લીધી છે – એમ કહી કોઈ છટકી નહિ શકે એમ ગાંધીજી શા માટે કહે છે ?

(5) ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(બ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો તમારા શબ્દોમાં લખો : **5**

મારા અધ્યયન પ્રમાણે ઋષિઓનો પ્રયોગ બે રીતે થયો છે : એક ઐતિહાસિક અને બીજો પાત્રાત્મક. કપિલ, કણાદ, ગૌતમ વગેરે ઋષિઓ જેમણે સાંખ્ય, વૈશેષિક, ન્યાયાદિ દર્શનોની રચના કરી ચિંતન-મનનની ભૂમિકા ઊભી કરી તે ઐતિહાસિક છે. વ્યાસ, વષિષ્ઠ, વિશ્વામિત્ર, દુર્વાસા, અત્રિ વગેરે અનેક ઋષિઓ પણ ઐતિહાસિક હશે જ, પણ તેમનો પ્રયોગ લેખકોએ

પાત્રાત્મક રીતે વધુ કર્યો છે, એટલે પાત્ર તરીકે તેઓ જ્યાં આવ્યા ત્યાં ત્યાં તેઓ બોલ્યા નથી પણ લોકો બોલ્યા છે. દાખલા તરીકે ધાર્મિક રામાયણ અને મહાભારત વચ્ચે એક આખા યુગનું અંતર છે. એક ત્રેતામાં અને બીજી દ્વાપરમાં ઘટેલી ઘટના છે. એક યુગમાં લાખો વર્ષ વીતી જાય. તેમ છતાં જે ઋષિઓ (વષિષ્ઠ, વ્યાસ, વિશ્વામિત્ર, ભારદ્વાજ, અત્રિ વગેરે) રામાયણકાળમાં અસ્તિત્વ ધરાવે છે તે જ ઋષિઓ મહાભારતકાળમાં પણ અસ્તિત્વ ધરાવે છે. અર્થાત્ એ બધા જ ઋષિઓ મહાભારત તથા પુરાણોમાં પણ અસ્તિત્વ ધરાવે છે. વસિષ્ઠ, વિશ્વામિત્ર કે દુર્વાસા વગેરે ઋષિઓ લાખો વર્ષ જીવિત રહ્યા હતા તેવી વાત માની શકાય નહિ. તો પછી એના એ જ ઋષિઓ વેદકાળથી માંડીને રામાયણ-મહાભારત અને પુરાણ સુધી કેમ આવ્યા ?

**પ્રશ્નો :**

(1) લેખકના મતે ઋષિઓનો પ્રયોગ કઈ-કઈ રીતે થયો છે ?

(2) લેખકની દૃષ્ટિએ કયા-કયા ઋષિઓ ઐતિહાસિક છે ?

(3) લેખકોએ કયા-કયા ઋષિઓનો પાત્રાત્મક રીતે વધુ ઉપયોગ કર્યો છે ?

(4) કયા-કયા ઋષિઓ રામાયણકાળ અને મહાભારતકાળ એમ બંને કાળમાં અસ્તિત્વ ધરાવે છે ?

(5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(ક) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો લખો : **5**

મને જો પૃથ્વીની હકૂમત મળે એક ક્ષણ તો
પહેલાં તો કાઢું વટહુકમ કે આ જ ક્ષણથી
પ્રજા મારી પંખી, મનુજ, પશુ કે કીટકગણો
બધાને જીવ્યાનો જ હક, હણવાનો હક નથી.
દ્રુમોની ડાળી ને નીડ, નગર-આવાસ ભીડમાં
વનોની ઝાડી કે ગિરિકુહરમાં, ભૂમિ ભીતરે
જહીં આબાદી ત્યાં સહુય મળી મેળા રચી રહો
પ્રજા મારીને ના ફિકર ફરિયાદો કશીય હો
હું પૃથ્વીનો રાજા, અવર ગ્રહશું વિગ્રહ નહિ
કરારો મૈત્રીના કરું : અગર હો આક્રમણ તો,
પ્રીતિનું, જેમાં ન જીતવું પણ જિતાઈ જ જવું.
સ્વ-તંત્રે વ્યક્તિના રહું વિરચી હું શાસન નવું.
પ્રજાને એવા તો સ્વનિયમનમાં બાંધી લઉં કે
પછી ના રાજા કે હકૂમતની એને જરૂર રહે !

પ્રશ્નો :

(1) કવિ પ્રથમ કેવો વટહુકમ કાઢવા માગે છે ? કેમ ?

(2) કવિના વટહુકમની કેવી અસર થશે ?

(3) કવિ કેવા કરારો અને આક્રમણ કરવા માગે છે ?

(4) કવિના મતે સ્વનિયમનનું શું પરિણામ આવશે ?

(5) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

## SECTION – B

### (Writing)

2. (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ **એક** પર આશરે **200** શબ્દોમાં નિબંધ લખો : **8**

(1) મારો પ્રિય તહેવાર

(2) પુસ્તકો – આપણા સાચા મિત્રો

(3) નારી તું નારાયણી !

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક આપો : **6**

એક શિલ્પી – અદ્‌ભૂત અને આબેહૂબ મૂર્તિઓ બનાવતો – મૃત્યુની આગાહી – પોતાનાં જેવાં જ છ પૂતળાં બનાવવાં – યમદૂતનું આગમન – મૂંઝવણ – યુક્તિ, હા ભૂલ મળી ગઈ એમ બોલવું – શિલ્પીનો પ્રશ્ન, ‘કઈ ભૂલ ?’ – ‘બસ આ જ ભૂલ’ – શિલ્પી પકડાઈ ગયો – બોધ.

(ક) તમારા માસીએ તમને સુવિચારોનું પુસ્તક ભેટ મોકલ્યું છે, તેમનો આભાર માનતો પત્ર લખો. **6**

**અથવા**

તમારા વિસ્તારમાં દર ચોમાસામાં પાણી ભરાઈ જાય છે, તેના કાયમી નિકાલ માટેની વ્યવસ્થા કરવા નગરપાલિકા અધિકારીને પત્ર લખો.

(ડ) ‘વર્તમાન શિક્ષણ પદ્ધતિ શી હોઈ શકે ?’ વિષય પર આશરે 100 શબ્દોમાં આર્ટિકલ લખો. **5**

**અથવા**

‘અભણને ભણાવો’ વિશે જાહેરાત બનાવો.

## SECTION – C

## (Grammar)

3. (અ) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો : **3**

(1) હૃદય હાથ ના રહેવું

(2) પાયાના પથ્થર થવું

(3) પૈડું સિંચાવું

(બ) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો : **2**

(1) સિંધૂર્મિ

(2) સિંહાસન

(ક) (1) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. **2**

(a) આ સૂનું ગળું મારાથી જોવાતું નથી. (વિધિવાક્ય બનાવો.)

(b) હું ખોટું બોલું છું. (નિષેધવાક્ય બનાવો.)

(2) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. **2**

(a) એમાં કાંઈ કહેવાનું નથી. (પ્રશ્ન વાક્ય બનાવો.)

(b) સાપ ઘણો લાંબો છે. (ઉદ્‌ગાર વાક્ય બનાવો.)

(ડ) નીચેના વાક્યો સુધારો : **2**

(1) મયૂરનો પત્ની મુંબઈ ગયો.

(2) રમઝુના શરણાઈએ આખી બજારને જગાડી દીધો હતો.

(ઇ) નીચેની કહેવતોનો અર્થ લખો : **2**

(1) જાનમાં કોઈ જાણે નહિ, ને હું ઘરની ફૂઈ

(2) ભેંસ આગળ ભાગવત

(ઈ) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **2**

(1) ઉષ્ણતામાન માપવાનું સાધન

(2) કન્યાવિદાય વખતે કન્યાની મા મંગળનો દીવો લે છે તે

## SECTION – D

## (Literature-Text Book)

4. (અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો : **3**

'પણ એવા ગાંડપણમાં ન પડવું મારા ભૈ. સૂરજ તો નવરો છે તે વહેલો ઊગી જાય. એને માટે થઈને આપણે શા માટે ઉજાગરો વેઠવો.' સૂરજ તો બધે સરખો. માટે એવી કોઈ બબાલમાં પડવું નહિ. પણ વેકેશનમાં મહાબળેશ્વરમાં હાડમારી બહુ પડશે, એના કરતાં સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાતરા જેવું કરવું હોય તો આબુ ઊપડી જાઓ. કહેતા હો રમેશ દાણી પાસે ચિઠ્ઠી લખાવી દઉં. એક બ્લોક કાઢી આપશે. રાંધવાના વાસણો પણ મળે. એક વાર રાંધવાનું ને બે વખત ખાવાનું. બીજી કોઈ ઝંઝટ જ નહિ. ખાઈને સાંજ સુધી ઘોર્યા કરવાનું. સાંજે નખીલેક પર ચક્કર લગાવવાનાં. નખીલેકની ત્રાંસમાં એક રબડીવાળો બેસે છે. તેને ત્યાંથી અઢીસો-ત્રણસો ગ્રામ રબડી લઈને ઝાપટી જવાની. પણ આબુમાં સાલી એક તકલીફ રહેવાની. તમને અડધું અમદાવાદ ત્યાં જોવા મળશે. અમદાવાદમાં જે લોકોને ટાળવા આપણે પોળની ગલીમાં છુપાઈ જવા મથીએ છીએ એ બધા ત્યાં સામે ભટકાવાનાં. ત્યાંના પાછા રસ્તાય થોડા પહોળા એટલે ભાગીનેય ક્યાં ભગાય ! એ વખતે સાલું એમ થાય કે આટલા પૈસા ખરચીને આબુ આવ્યા એ કરતા અમદાવાદમાં જ રહ્યા હોત તો વધુ સારું થાત.

**પ્રશ્નો :**

(1) લેખક આબુમાં કઈ તકલીફ રહેવાની વાત કરે છે ?

(2) ઉપરોક્ત ફકરામાં કઈ કહેવત આપેલી છે ?

(3) રબડીવાળો ક્યાં બેસે છે ?

(બ) નીચેનામાંથી કોઈપણ બે વિધાનો માટે કારણો આપો : **4**

(1) દાદમાં મળેલા પૈસા રમઝુ મીર ગવરીને આપી દે છે, કારણ કે .....

(2) ઘરેથી નીકળતાં ભદ્રંભદ્ર અંબારામને 'આજનો દિવસ મહોટો છે' એમ કહે છે, કારણ કે .....

(3) વાર્તાનાયક અમથીમાને કહે છે, 'આ રોટલાનું વૈતરું શું કામ' ? કારણ કે .....

(ક) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો : **4**

(1) પારવતી બા સ્વમાની હતા એમ શા પરથી કહી શકાય ?

(2) પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતાં ત્યારે શું કરતા ?

(3) બલાઈને પ્રકૃતિ સાથે કેવી લાગણી છે ?

(ડ) નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્નનો વિસ્તૃત જવાબ લખો : **4**

(1) ડૉ. વર્ગીસ કુરિયનનો ટૂંકમાં પરિચય આપો.

(2) ભૂલ કરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી ?

(3) 'ઝબક જ્યોત' શીર્ષકની યથાર્થતા સમજાવો.

5. (અ) નીચેનો કાવ્યાંશ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : **2**

વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે,
તેનો નાદ ગગનમાં ગાજે છે. વૃંદા.
વૃંદા તે વનને મારગ જાતાં,
(વહાલો) દાણ દધિનાં માગે છે. વૃંદા.
વૃંદા તે વનમાં રાસ રચ્યો છે,
(વહાલો) રાસમંડળમાં બિરાજે છે. વૃંદા.
પીળા પીતાંબર જરકમી જામા,
પીળો તે પટકો બિરાજે છે. વૃંદા.
કાને તે કુંડળ મસ્તકે મુગટ,
મુખ પર મોરલી બિરાજે છે. વૃંદા.

**પ્રશ્નો :**

(1) ભગવાન શ્રીકૃષ્ણનો પહેરવેશ જણાવો.

(2) મોરલીનો નાદ ક્યાં ગાજે છે ?

(બ) નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : **2**

વંટોળાતી પવનડમરી થૈ ઠરીઠામ અંતે,
ઝીણાં ફોરાં ઝરમર ઝર્યાં, જીવમાં જીવ આવ્યો.
હાંફી હાંફી વ્યથિત સઘળાં નીડ ઝૂલ્યાં હવામાં,
આઘા હેલે, પરણ પરણે ઊજળો રંગ કાઢ્યો.

**પ્રશ્નો :**

(1) ફોરાં ઝરમર ઝર્યાં તેનાથી શું થયું ?

(2) 'નીડ' અને 'પરણ' શબ્દોના અર્થ લખો.

(ક) નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : **2**

(1) 'આ બેય ખાલી હાથમાંયે કેટલું છે ?' પંક્તિ "હાથ મેળવીએ" કાવ્યને આધારે સમજાવો.

(2) નાયિકા દીવાનખાનાની કઈ કઈ વસ્તુઓમાં શા માટે ફેરફાર કરે છે ?

(ડ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના **એક-એક** વાક્યમાં જવાબ લખો : **4**

(1) "મોરલી" કાવ્યના રચયિતાનું નામ જણાવો.

(2) "જીવન અંજલિ થાજો !" કાવ્યના કવિ ભૂખ્યા માટે શું બનવાનું કહે છે ?

(3) "ક્યાં રે વાગી" કાવ્યની ધ્રુવપંક્તિ કઈ છે ?

(4) "તે બેસે અહીં" કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?

(5) "હાઈકું" કઈ ભાષાનો સાહિત્યપ્રકાર છે ?

---